



# ''બોલ મારી અંબે જય જય અંબે''ના નાદથી અરવલ્લીના માર્ગો ગુંજી ઉઠ્યા

શ્રાવણ માસના તહેવારોનો અંત અને પગપાળા યાત્રા કરવાનો મહિમા એટલે ભાદરવો મહિનો આ માસમાં રાજસ્થાનમાં આવેલા રામાપીર રામદેવજી મહારાજના જન્મસ્થળ રામદેવરા યાત્રા અને ભાદરવી પૂનમમાં આધ્ય શક્તિ અંબેમાના દર્શન કરવા અંબાજી પગપાળા યાત્રા ખુબજ અનેરૂ મહત્વ ધરાવે છે. અરવલ્લી જિલ્લામાં મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત તરફથી અંબાજી જતા પગપાળા સંઘનો અવિરત પ્રવાહ ચાલુ થતાં જિલ્લામાં પદયાત્રીઓની સેવા અને સરભરા કરવા માટે જિલ્લાના મુખ્યમાર્ગો પર ઠેર ઠેર વિસામા-કેમ્પ ઉભા કરવામાં આવ્યા છે. અરવલ્લી જિલ્લામાં મહારાષ્ટ્ર અને વલસાડ, દાહોદ, વડોદરા, સુરતમાંથી પગપાળા યાત્રાએ નિકળેલા સંઘનો અને અંબેમાના દર્શન કરવા જિલ્લાના માર્ગો પર અવિરત પ્રવાહ શરૂ થઈ ગયો છે. અંબેમામાં શ્રધ્ધા ધરાવનાર અને આસ્થા રાખનાર શ્રદ્ધાળુઓ પગપાળા યાત્રીઓ ભાદરવાના આકાશ તાપ અને કાળઝાળ ગરમીમાં ખુબ જ હર્ષોલ્લાસથી બોલ મારી અંબે જય જય અંબેના નારાઓથી મોડાસા શહેરના અને જિલ્લાના રસ્તાઓ ગુંજી ઉઠ્યા હતા.

# અરવલ્લીમાં મેઘરાજા રીટર્ન્સ ત્રીજા રાઉન્ડની ધમાકેદાર શરૂઆત

## જિલ્લામાં ૨૪ કલાકમાં સરેરાશ ૩ ઈંચ મેઘમહેર થતાં પ્રજાજનો-ભૂમિપુત્રો ખુશખુશાલ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં શુક્રવારે બપોર બાદ આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયા બાદ વાવાઝોડા સાથે વરસાદ તૂટી પડતાં જિલ્લામાં ૨૪ કલાકમાં સરેરાશ ૩ ઈંચ જેટલો વરસાદ ખાબકી ગયો હતો. જિલ્લામાં શુક્રવારે સાંજથી મોડી રાત સુધી વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાએ એન્ટ્રી કરતાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. જિલ્લાના ભૂમિપુત્રોના વરસાદથી મુરઝાતા ખરીફ પાકને વ્યાપક ફાયદો થવાની ધારણા ખેડૂતો લગાવી રહ્યા છે. શનિવારે દિવસભર આકાશમાં વાદળો ઘેરાયા હતા અને અમુક વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા. આગામી ૪૮ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. વાતાવરણમાં ઠંડક પ્રસરતાં ગરમીથી રાહત મળી હતી.

અરવલ્લી જિલ્લામાં દોઢ મહિના બાદ શુક્રવારે બપોર બાદ સતત ચાલુ રહેલી મેઘમહેરથી ખેડૂતો સહિત પ્રજાજનોમાં ખુશી છવાઈ ગઈ હતી. જિલ્લામાં ભર્યા ભાદરવે અષાઢી માહોલ સર્જાયો હતો. અરવલ્લી જિલ્લામાં વાવાઝોડા સાથે ખાબકેલા વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયા હતા. જિલ્લામાં મેઘરાજાએ મેઘમહેર કરતા ડાંગર, દિવેલા, ગવાર સહિતના અન્ય કઠોળ પાકોને સારો ફાયદો થશે.

મોડાસા તાલુકાના નવી શીણોલથી કોલીખડ માર્ગ પર વાવાઝોડાથી વૃક્ષો તુટી પડતા વાહન વ્યવહાર ખોરવાયો હતો. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જિલ્લાના વિસ્તારોમાં વરસાદ શરૂ થતાની સાથે જ વીજળી ડૂલ થઈ જતાં પ્રજાજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. વરસાદ વરસતા જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને ખેડૂતોના ઉભા પાકને વરસાદથી આંશિક ફાયદો થતાં ખેડૂતોના મનમાં ટાઢક વળી હતી. જિલ્લામાં સૌથી વધુ વરસાદ ધનસુરા તાલુકામાં જ્યારે ઓછો વરસાદ મેઘરજ તાલુકામાં નોંધાયો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)

# રાજપુરથી નાની ઈસરોલ સુધીના દોઢ કિમી રોડનું ખાતમુર્હુત : આનંદ છવાયો

મોડાસા, તા.૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રાજપુર (બાકરોલ) ગામથી નાની ઈસરોલ સુધીનો વર્ષો જુનો દોઢ કિમી. રોડ બનાવવા માટે ગ્રામજનો દ્વારા વારંવાર રજુઆત યોગ્ય કક્ષાએ કરવા છતાં ગ્રામજનોની માંગનો અસ્વીકાર થતો હતો ત્યારે મોડાસાના કોંગ્રેસના ધારાસભ્યને આ અંગે જિલ્લા પંચાયત સદસ્ય અને ગ્રામજનો દ્વારા કરાતા ધારાસભ્યને એસઆરની ગ્રાન્ટમાંથી દોઢ કિમી રોડ માટે ગ્રાન્ટ ફળવાતા ગ્રામજનોમાં આનંદ છવાયો હતો. શુક્રવારે રાજપુરના પ્રાચીન મંદિરથી રામદેવપીર પાસે મોડાસાના ધારાસભ્ય દ્વારા દોઢ કિલોમીટર રોડનું ખાત મુર્હત કર્યું હતું.

મોડાસા તાલુકાના રાજપુર (બાકરોલ) ગામથી નાની ઈસરોલ સુધીના પાકા રોડનું મુર્હત કરવામાં આવતા આ રોડ સાથે સંકળાયેલા ૧૦થી વધારે ગામડાઓના લોકોમાં અને રામદેવજીના ભકતજનોમાં આનંદ છવાયો હતો. રાજપુર (બાકરોલ) ગામથી નાની ઈસરોલ ગામનો દોઢ કિમી રોડ પાકો ડામરથી બનાવવા ગ્રામજનો અને જિલ્લા પંચાયત સદસ્ય દ્વારા વાંરવાર રજુઆત કરવા છતાં બહેરાતંત્રને સંભળાતી ન હતી. જિલ્લા પંચાયત સદસ્ય અને ગ્રામજનોએ આ અંગે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને કરતાં ધારાસભ્યએ તેમની એસઆરની ગ્રાન્ટમાંથી અંદાજે ૩૭ લાખ રૂપિયાની ફાળવણી કરતા ગ્રામજનોમાં આનંદ છવાયો હતો. આ રોડનું શુક્રવારના રોજ ખાતમુર્હત કરાતા ૧૦થી વધુ ગામડાઓમાં આનંદ છવાયો હતો.



## અરવલ્લીમાં ૧૩.૭૬ કરોડના વિદેશી દારૂના જથ્થાનો નાશ કરાયો

અરવલ્લી જિલ્લાના શામળાજી પોલીસ મથકની હદ વિસ્તારમાંથી વર્ષે દહાડે કરોડો રૂપિયાની કિંમતનો દારૂનો જથ્થો ઝડપાવાના બનાવો સામે આવતા હોય છે. ત્યારે ઝડપાયેલો દારૂ ક્યાં રાખવો તે પણ શામળાજી પોલીસ માટે પ્રશ્ન બની રહે છે. આ સંદર્ભે નિયમ અનુસાર અરવલ્લી જિલ્લાના નાયબ પોલીસ વડાની હાજરીમાં છેલ્લા એક વર્ષ દરમ્યાન શામળાજી પોલીસે ઝડપાયેલો ૫,૪૯,૨૯૦ બોટલ અંગ્રેજી દારૂ કે જેની કિંમત રૂપિયા ૧૩ કરોડ ૭૬ લાખ થાય છે. તેનો નાશ કરવાની કામગીરી મોડાસા નજીકના જિલ્લા વિસ્તારમાં હાથ ધરવામાં આવી છે. જેમાં નાયબ કલેક્ટર આનંદ આચાર્ય તથા રણજીતસિંહ, નાયબ મામલતદાર અને નાયબ પોલીસ અધિક્ષક તથા પી.એસ.આઈ. આર.ટી. ઉદાવત તથા પોલીસ સ્ટાફ ગણ હાજર રહ્યા હતા. બે દિવસ ચાલનારી આ કાર્યવાહી માટે શામળાજી પોલીસે સ્થળ પર આ જથ્થો ખડકી દઈ આ દારૂની બોટલો પર રોલર ફેરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મામાં પદયાત્રીઓનું આગમન

જગ વિખ્યાત મા અંબાના દર્શને જતા પદયાત્રી અને રથો ખેડબ્રહ્મામાં અંબાના દર્શન કરી અંબાજી જતા હોય છે. જેમાં સુંદર અને સુશોભન કરેલ રથો શહેરીજનોમાં આકર્ષણ બને છે. તેવો જ એક રથ નડીયાદ તાલુકાના મોરેલ ગામનો સંઘ છેલ્લા ૧૬ વર્ષથી આવે છે. જેમાં ૪૦થી ૫૦ પદયાત્રી જોડાય છે. તેમનો સુંદર રથ શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

# ખંભીસરમાં પાટીદાર અનામત આંદોલનના મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ

## મહિલાઓએ થાળી ખખડાવી નેતાઓના છાજીયા લીધા

મોડાસા, તા. ૧૯

મોડાસા તાલુકાના ખંભીસરમાં પાટીદારો દ્વારા પાટીદાર અનામત આંદોલનના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આજુબાજુના ગામોમાંથી પણ મોટી સંખ્યામાં પાટીદાર મહિલાઓ અને પુરુષો હાજર રહી પાટીદાર અનામત આંદોલનમાં જીવ ગુમાવનાર મૃતકો માટે બે મિનિટનું મૌન પાડી કેન્ડલ માર્ચ યોજી હતી. જયારે પાટીદાર મહિલાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અનામત નહી તો વોટ નહી ના નારા સાથે થાળી વેલણ ખખડાવી અનામતની માંગને ઉગ્ર બનાવી હતી અને પોલીસદમન સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવે તેવા સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. રાજ્ય અને કેન્દ્ર સરકારના વિરોધમાં પણ સુત્રોચ્ચાર કરી રાજકીય નેતાઓના છાજીયા લીધા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત પાટીદારોએ કોઈ રાજકીય નેતાઓએ વોટની ભીખ માંગવા ગામમાં પ્રવેશવું નહી એવું કડક શબ્દોમાં જણાવ્યું હતું. આંદોલનમાં મૃત્યુ પામેલા મૃતકોના પરિવારોને આર્થિક મદદ માટે પાટીદારો દ્વારા ફાળો પણ ભેગો કરવામાં આવ્યો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)

# ખેડબ્રહ્મા કોલેજમાં ટ્રાયબલ રીસર્ચ સેન્ટરનો સ્થાપના દિન ઉજવાયો

ખેડબ્રહ્મા, તા.૧૯

ખેડબ્રહ્માની ડીડી ઠાકર આર્ટસ અને કે. જે. પટેલ કોમર્સ કોલેજમાં શ્રીમતી નિરૂબેન કીર્તિકુમાર જોષી રીસર્ચ સેન્ટરના સ્થાપના દિવસની શુક્રવારના રોજ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય એન.ડી. પટેલે મહેમાનોને આવકારી પરિચય આપ્યો હતો. ત્યાર બાદ રિસર્ચ સેન્ટરના વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવ આપી તેમની કારકીર્દીમાં સેન્ટરની ઉપયોગીતાને બિરદાવી હતી. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ અને સેન્ટરના દાતા કીર્તિકુમાર યુ. જોષી, ખેડબ્રહ્મા નગરપાલિકા પ્રમુખ સાગર પટેલ, ઉપપ્રમુખ ગોપાલભાઈ રાવલ વગેરેએ સંશોધન કેન્દ્રની પ્રવૃત્તિઓને બિરદાવી તેમની કારકીર્દી અને તાલુકાનો વિકાસ એમ બેવડા ધ્યેયોની પરીપૂર્તિ સંદર્ભે સંશોધન કેન્દ્રનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સંશોધન કેન્દ્રના ડાયરેકટર ડૉ. એ. બી. બ્રહ્મભટ્ટે કેન્દ્રની પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોહિતભાઈ દેસાઈએ કર્યું હતું.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# બાયડ તાલુકામાં કોંગો ફીવરનો કેસ મળી આવતા આરોગ્ય વિભાગ દોડતુ થયુ

મોડાસા, તા૧૯

ચોમાસા ની ઋરતુ શરૂ થતા ની સાથે જી વિવિધ રોગો એ માથુ ઉચકયુ છે જેમાં ડેન્ગયુ અને સ્વાઈનફલુ ના રોગે ફરીથી માથુ ઉચકયુ છે અને ગુજરાત રાજય માં મોટો કહેર વર્તાવ્યો છે ત્યારે આ રોગ ને નાથવા હજુ પણ આરોગ્ય વિભ્મગ ભારે જહેમત ઉઠાવી રહયો છે.

ત્યારે અરવલલી જીલલા ના બાયડ તાલુકા ના દેસાઈપુરા ગામે કોગો ફીવર નામનો દર્દી હોવાનુ આરોગ્ય વિભાગ ને જાણ થતાં આ રોગ ગંભીર અને ખતરનાક હોવાના કારણે આરોગ્ય વિભાગ તરત જ હરકત માં આવી ગયુ હતુ અને દોડતુ થઈ ગયુ હતુ.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર બાયઢ તાલુકાના દેસાઈપુરા ગામે મુકેશભાઈ ઈશ્વરભાઈ લુહાર દુધાળા પશુ નો વ્યાપાર કરે છે ત્યારે સતત આ પશુપાલન ના ધંધા સાથે સંકળાયેલા મુકેશભાઈ છેલલા કેટલાય દિવસ થી તાવ ની બીમારી માં સપડાયેલા હતા જેમને બાયડ ની હોસ્પીટલો માં સારવાર કરાવ્યા છતાં પણ આરામ ન થતો હોઈ અમદાવાદ ની સ્ટર્લીગ હોસ્પીટલ માં દાખલ કરવામાં આવ્યા હતા જયાં તેમના વિવિધ ટેસ્ટ કરવામાં આવ્યા હતા ત્યારે તેમને કોગ્ ફીવર નામના ભયંકર બીમારી નો ભોગ બન્યા નુ બહાર આવતા ખળભળાટ મચી ગયો હતો.

ત્યારે આ બીમારી ના જાણ થતાં આરોગ્ય વિભાગ તેમજ પશુપાલન અને ખેતીવાડી વિભાગની ટીમો તરત જ દેસાઈપુરા ગામે પહોચી ગઈ હતી અને દર્દી ના સર્પક માં આવેલા ૨૦ જેટલા પરીવાર જનો નુ ચેકઅપ હાથ ધર્યુ હતુ ત્યારે આ ૨૦ જેટલા પરીવારજનો નુ સતત ૧૫ દિવસ સુધી આરોગ્ય વિભાગ ની ટીમો ધ્વારા રેગ્યુલર પરીક્ષણ કરવામા આવશે તેમજ વેટરનરી વિભાગ ધ્વારા ફોગીંગ ની પણ કામગરી હાથ ધરવામાં આવી હતી ત્યારે આ બીમારી ની જાણ થતાં જીલલા આરોગ્ય અધીકારી અમરનાથ વર્મા પણ તુરત જ સ્થળ ઉપર જઈ આરોગ્ય વિભાગની કામગરી નો જાયજો લીધો હતો અને સુચનાઓ આપવામાં આવી હતી તેમજ સાબરકાંઠા જીલ્લા ના એપેડેમીક મેડીકલ ઓફીસર ભાટી પણ પોતાની ટીમ સાથે આ દર્દી ના ઘરે પહોચી ગયા હતા ત્યારે જીલ્લા પશુપાલન અધિકારી જનક ભાઈ એ પણ સ્થઈ ઉપર પહોચી જઈ અને પશુઓને આઈવર મેટ્રીક ઈન્જેકશન આપવાની કામગરી હાથ ધરી હતી.

જયારે મુકેશભાઈ ના ઘર ના તમામ ૨૩ પશુઓ ના બ્લડ સેમ્પલ અને ઈતરડી નામના જીવાત ને પરીક્ષણ માટે પુના મોકલવામાં આવશે હાલ આોરગ્ય વિભાગે સર્વેની કામગરી હાથ ધરી હતી.






(સમીર બલોચ, મોડાસા)

## બાયડમાં આવેલા તબેલાઓનુ ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવું

અરવલ્લી જીલલા માં છેલ્લા ૪ મહિનાના ટુંકાગાળામાં કોગો ફીવરનો બીજો કેસ મળી આવતા આરોગ્ય વિભાગ ચોકી ઉઠયુ હતુ. બાયડ ચોઈલા રોડ ઉપર આવેલા તબેલા માં છોટુ ના મના પરપ્રાંતીય યુવક ને ૪ મહિના અગાઉ કોગ્ ફીવર ના રોગમાં ઝડપાયો હતો ત્યારે આજે ફરીથી બીજો દર્દી મળી આવતા આરોગ્ય વિભાગ હરકત માં આવી ગુ છે જયારે આજે સાંજે મળનારી ઉચ્ચ અધિકારીઓ ની બેઠકમાં બાયડ તાલુકામાં જેટલા પણ ગાયોના લેવેચ માટેના તબેલા બનાવવામાં આવ્યા છે આ તમામે તમામ તબેલા વાળાઓ ને ફરજીયાત પપણે રજીસ્ટેશન કરવાની સુચના આપવામાં આવશે તેમજ પશુ કયાં અને કોને વેચ્યા છે તેનુ રજીસ્ટર પણ નિભાવવુ પડશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.



## ચોકલેટમાંથી બનાવેલા ગણપતિ આર્કષણનુ કેન્દ્ર બન્યા

તક્ષશિલા વિદ્યાલય ખાતે આજે ગણેશચર્થુર્થીના પાવન અવરસ નિમીતે શાળા વ્યવસ્થાપકો ધ્વારા ચોકલેટ ડે ની ઉજવણી કરવાનુ ગોઠવવામાં આવ્યુ હતુ. જેમાં બાળકો ધ્વારા વિવિધ પ્રકારની ડીશોમાં ચોકલેટો ગોઠવીને લાવ્યા હતા. જેમાં ચોકલેટમાંથી બનાવેલા ગણપતિ સૌ વીદ્યાર્થીઓનુ આર્કક્ષણનુ કેન્દ્ર બન્યા હતા.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)